<u>ક્રિમીનલ કેસ નં. ૧૦૭૭/૨૦૧૪</u>

**<u>એ.પી.પી.શ્રી ની અરજી આંકઃ-૦૨ લગત હુકમઃ-</u>**

વિ. એ.પી.પી.શ્રી ની અરજી વંચાણે લીધી તથા મે. જીલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદનો તા.૦૭/૦૩/૨૦૧૯ નો પત્ર હુકમ નં.ડીસી/સીટીઝેડ/મેટ્રોકોર્ટ/લોકઅદાલત/ડોરમેન્ટ કેસ પરત ૧/૨૦૧૯ થી આવેલ પત્રને વંચાણે લીધો. સદર પત્રથી જીલ્લા જીલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદે આ કેસ પરત ખેંચવાની એ.પી.પી.શ્રીને પરવાનગી આપેલ છે. આ કેસ ડોરમેન્ટ કેસ છે અને ઘણાં લાંબા સમયથી કોર્ટમાં પેન્ડીંગ છે અને આ કેસમાં આરોપી લાંબા સમયથી મળી આવતો નથી અને ભવિષ્યમાં મળી આવે તેવી શક્યતા પણ જણાતી નથી અને તેના કારણે આ કેસ વધુ કાર્યવાહી થયા સિવાય પેન્ડીંગ રહેલ છે વધુમાં આ કેસ નજીવી સજાને પાત્ર ગુન્હાનો કેસ છે અને આરોપીને શોધવા પ્રયાસ કરવો સમય, શક્તિ અને નાણાંના વ્યય સમાન છે અને અદાલત ગંભીર ગુન્હાના કેસમાં પુરતુ ધ્યાન આપી ગંભીર ગુન્હાના કેસો કાળજી પૂર્વક ચલાવી શકે તે માટે અદાલતમાં પેન્ડીંગ ફોજદારી કેસોનું ભારણ ઓછુ થાય તે માટે જાહેર હિતમાં તથા ન્યાયના હિતમાં વિ.એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતિ આપી આ કેસ વિડ્રોઅલથી ફેંસલ કરવા હુકમ કરવો યોગ્ય તથા ન્યાયના હિતમાં જણાય છે. આથી નીચે મુજબનો હુકમ કરૂ છું.

**- <u>હુકમ</u> -**

આથી ક્રિ.પ્રો. કોડની કલમ-૩૨૧ અન્વયે વિ.એ.પી.પી. શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતિ આપી આ કેસ વિડ્રોઅલથી ફેંસલ કરવામાં આવે છે. અને આરોપીને આ કેસમાં જણાવેલ ગુન્હા માંથી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

<u>મુદ્દામાલ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.</u>

(૧) મુદ્દામાલ દેશી/વિદેશી દારૂનો અપીલ સમય પછી નાશ કરવો.

(૨) મુદ્દામાલ રોકડા રકમ જપ્ત કરી અપીલ સમય પછી સરકાર ખાતે જમા કરાવવી.

(૩) પોલીસે કબજે કરેલ મુદ્દામાલ વાહન જો અગાઉ હુકમ કરી વચગાળાના સમય માટે કોઇ વ્યક્તિને પરત સોંપવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે અને જો કોઇ હુકમ થયેલ ન હોય તો મુદ્દામાલ તેના રજીસ્ટર્ડ ઓનરને આર.સી. બુકની નકલ રજુ કર્યેથી ઓળખની ખાત્રી કરી પરત આપવું.

(૪) બિન કિંમતી મુદ્દામાલનો અપીલ સમય પછી નાશ કરવો.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ

તારીખઃ-૦૯/૦૩/૨૦૧૯

( એચ.એન.દેસાઇ )
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૪,અમદાવાદ.
GJ-00738